# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૨૩મી એપ્રિલે ગુજરાત કરશે
''મતદાન''

પરિપત્ર નં. ૬-B તા.૨૦-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- લોકસભા સામાન્ય ચુંટણી -૨૦૧૯ મતદાનના તરતના બીજા દિવસને મતદાન કર્મચારીઓને ચુંટણી ફરજ પરનો સમયગાળો ગણવા બાબત.

સંદર્ભ :- ક્રમાંક : પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/૧૮૭૭-૧૯૩૦ તા.૨૦-૪-૧૯ નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા.૨૩-૦૪-૨૦૧૯, મંગળવારના રોજ ચુંટણી સ્ટાફને મતદાનના બીજા દિવસે એટલે કે તા.૨૪-૦૪-૨૦૧૯, બુધવારના રોજ શાળામાં હાજરી આપવાની જરૂર રહેતી નથી. મતદાનમાં જે સ્ટાફ જોડાયેલ નથી તેઓએ શાળામાં શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૦-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃઇએલસી-૧૦૧૯-૧૭૪૩-છ, તા.૧૯-૪-૨૦૧૯

પ્રતિ,
- સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી
- સર્વે લોકસભા મતવિભાગના ચૂંટણી અધિકારીશ્રી
- વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીના ચૂંટણી અધિકારીશ્રી

વિષયઃ**લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અને વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૧૯**
- મતદાન/પુનઃ મતદાનના તરતના બીજા દિવસને મતદાન કર્મચારીઓને ચૂંટણી ફરજ પરનો સમયગાળો ગણવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં લોકસભાની સામાન્ય ચૂંટણીઓ-૨૦૧૯ અને ૨૧-ઉંઝા, ૬૪-ધ્રાંગધ્રા, ૭૭-જામનગર ગ્રામ્ય અને ૮૫-માણાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી તા.૨૩-૪-૨૦૧૯, મંગળવારના રોજ યોજવાની જાહેરાત ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલ છે. મતદાનના બીજા દિવસે એટલે કે તા.૨૪-૪-૨૦૧૯, બુધવારનો દિવસ કામકાજનો દિવસ છે.

સામાન્ય રીતે મતદાનના દિવસે ચૂંટણી ફરજ પરના કર્મચારીઓ મતદાન પૂરૂં થયા બાદ રીસીવીંગ સેન્ટર ઉપર મોડી રાત્રે અથવા તો જો અંતર વધુ હોય તો બીજા દિવસે વહેલી પરોઢે મતદાન સામગ્રી પરત સોંપવા માટે પહોંચતા હોય છે. આથી ચૂંટણી સ્ટાફના તેઓના ફરજ પરના પ્રમાણમાં લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખી તેઓએ મતદાનના બીજા દિવસે તેમની કચેરીમાં હાજરી આપવાની જરૂર નથી, તેઓને ફરજ પર હાજર(On Duty) ગણવાના રહેશે.

ભારતના ચૂંટણી પંચના તા. ૧૫/૧૧/૧૯૯૪ ના પત્રના સંદર્ભમાં તા. ૧૭/૦૪/૨૦૧૯ ના પત્ર ક્રમાંક: 464/INST/2019/EPS ની સૂચના અન્વયે મતદાનના બીજા દિવસે એટલે કે તા.૨૪-૪-૨૦૧૯, બુધવારના દિવસે અને જયાં પુનઃ મતદાન યોજાય તેવા કિસ્સામાં જો મતદાનના બીજા દિવસે ચાલુ દિવસ હોય તો તેવા કિસ્સામાં, ઉપરોક્ત સૂચનાઓ લાગુ પડશે. આ સમયગાળા માટે કોઇ વધારાનું ભથ્થુ આકારી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવા વિનંતી છે.

ઉકત સૂચના સંબંધિત સર્વેના ધ્યાને લાવવા વિનંતી છે.

(અશોક માણેક)
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત.

**નકલ રવાનાઃ-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.) સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય ગાંધીનગર.
- આનુષાંગિક જરૂરી કાર્યવાહી અર્થે.

(૨) સચિવાલયનાં સર્વે વિભાગો
- તાબા હેઠળના ખાતાના વડાઓ અને કચેરીઓને સૂચના આપવાની વિનંતી સાથે.



Scanned by CamScanner

ક્રમાંક-પરચ-૧૨૨૦૧૮/૪૩૦/વ.૨
ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૦/૦૪/૨૦૧૯

પ્રતિ,

(૧) નાયબ સચિવશ્રી,(મહેકમ.),શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૯,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૪) કમિશ્નરશ્રી,મધ્યાહ્ન ભોજન યોજના,બ્લોક નં ૧૪, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૫) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર નં ૧૦બી, ગાંધીનગર
(૬) નિયામકશ્રી ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર
(૭) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
(૮) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સમગ્ર શિક્ષા અભિયાન, સેકટર-૧૭,ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર
(૧૧) નિયામકશ્રી,ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ,સેકટર-૧૦,ગાંધીનગર
(૧૨) નિયામકશ્રી,સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ડૉ.જીવરાજમહેતા ભવન,ગાંધીનગર
(૧૩) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગ
(૧૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન,નવરંગપુરા, અમદાવાદ
(૧૫) નિયામકશ્રી,એન.સી.સી. હનુમાન કેમ્પ, કેન્ટોનમેન્ટ એરીયા,અમદાવાદ

વિષય: <u>લોકસભાની સામાન્ય ચુંટણી-૨૦૧૯ અને વિધાનસભા મતવિભાગની પેટા ચુંટણી-૨૦૧૯</u>
મતદાન/પુન: મતદાનના તરતના બીજા દિવસને મતદાન કર્મચારીઓને ચુંટણી ફરજ
પરનો સમયગાળો ગણવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે CHIEF ELECTORAL OFFICER સામાન્ય વહિવટ વિભાગના તા.૧૯/૦૪/૨૦૧૯ના પત્ર ક્રમાંક:ઇએલસી/૧૦૧૯-૧૭૪૩-છની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતા આજ્ઞાનુંસાર જણાવવાનું કે, સદર પત્રથી આપેલ સુચના અન્વયે નિયમોનુંસારની યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.જે.દેસાઈ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ:ઉપરમુજબ

ક્રમાંક:પ્રાશિનિ/સંકલન/૨૦૧૯/ ૨૮૭૭-૨૯૩૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૨૦/૦૪/૨૦૧૯

<u>નકલ રવાના:-</u>

શિક્ષણ વિભાગના ઉક્ત તા.૨૦/૦૪/૨૦૧૯ ના પત્રથી આપવામાં આવેલ સુચના મુજબ આગામી લોકસભા ચુંટણી-૨૦૧૯ બાબતે આપેલ સૂચના અન્વયે નિયમાનુસારની યોગ્ય કાર્યવાહી આપની કક્ષાએથી કરાવા સારૂ . . .

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

Scanned by CamScanner